<u>અમદાવાદના મહે. એડી. ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ (કોર્ટ નં. ૧૩) મુઃ અમદાવાદ</u>

## <u>ઈ.પી.કો. કલમઃ ૨૮૩ અન્વયે આરોપીની ગુના કબુલાતની અરજી આંક નીચેનો હુકમ</u>

(૧) ચાર્જશીટ તથા સાથેના પેપર્સ, આરોપીની ગુનાની કબુલાત વંચાણે લીધી. આરોપી / આરોપીઓના વકીલશ્રીને સાંભળ્યા. આરોપી સામે ઈ.પી.કો.કલમ ૨૮૩ મુજબના ગુનાનું તહોમત આ અદાલતમાં રજુ કરવામાં આવ્યુ છે. આજ રોજ આરોપી જાતે કોર્ટમાં હાજર થઈ તેની સામેના ગુનાનો સ્વીકાર કરી તે મતલબની પુરશીશ આપી છે. વધુમાં આરોપી તરફે રજુઆત કરવામાં આવી છે કે તેની સામેનો આ પ્રથમ ગુનો છે અને અજાણતાથી ઈરાદા વગર ગુનો થયો છે, તેના પર તેના કુટુંબની ભરણ પોષણની જવાબદારી છે. જેથી તેની પર દયા રાખી ઓછી રકમનો દંડ કરવા રજુઆત કરી છે.

(૨) આરોપીએ આજ રોજ સ્વેચ્છાએ ગુના કબુલાતની પુરશીશ આપી છે. આરોપી વિરૂધ્ધના ગુન્હાની હકીકત વંચાણે લેતા આરોપીએ તેના કબજાનુ વાહન જાહેર રોડ ઉપર મુકી સદર રસ્તા પર આવતા જતા વાહનો તેમજ રાહદારીઓને અડચણરૂપ થાય તેમ રાખવા તેમજ અકસ્માત થાય તેવા ભયરૂપ વાહન રાખવા બદલનો આરોપ છે. આ તબકકે એ ધ્યાને લેવુ જરૂરી છે કે, કયારેક આરોપીઓ ન્યાયીક કાર્યવાહીમાં થતી વિલંબથી પોતાને થતી હેરાનગતિ તથા નાણાકીય વ્યયમાંથી બચવા માટે પણ આરોપીઓ ગુનાની કબુલાત કરતા હોય છે. કાયદામાં ઠરાવેલી નિયત સજા કરવામાં આવે અને આરોપીને જેલમાં મોકલવામાં આવે તો શકય છે કે આરોપી જેલમાંના અઠંગ અને રીઢા ગુનેગારોની સોબતમાં આવી જાય અને પરિણામે તે પણ તેમના જેવો ગુનેગાર બની જાય. ફોજદારી ન્યાયશાસ્ત્રના સિંધ્ધાત મુજબ આ પ્રમાણેની સ્થિતીનુ સર્જન ન થાય તેવી તકેદારી રાખવી તે પણ આ તબકકે જોવું જોઈએ તેમ મારું માનવુ છે. આરોપીનો આ પ્રથમ વારનો ગુનો અજાણતાથી થયો છે અને તે બદલ તેને પસ્તાવો થયો છે. આરોપીને કેદની સજામાં દયા રાખી ઓછી સજા કરવામાં આવે તો પણ ન્યાયનો હેતુ જળવાય તેમ છે. આરોપી સામેનો ગુનો, કાયદામાં ઠરાવેલી સજા, ગુનાની ગંભીરતા તથા તેની આર્થિક, સામાજિક પરિસ્થિતિને તથા તેના કુટુંબની

જવાબદારીને ધ્યાને લેતા આરોપીને હળવી સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>આખરી હુકમ</u>

આરોપીને ઈ.પી.કો. કલમ ૨૮૩ મુજબના ગુનામાં ક્રિ.પ્રો. કોડની કલમ ૨૪૮(૨) મુજબ રૂા. **<u>૧૦૦</u>** (અંકે રૂા. સો પુરા) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ના ભરે તો દિન– **<u>૨</u>** ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ ખુલ્લી લોકઅદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**અમદાવાદ**
તા. ૧૩/૦૭/૨૦૧૯

(નિરાલી ભુપેન્દ્રભાઈ મુનશી)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૧૩, અમદાવાદ
**CODE NO. GJ00735**